# National Surveillance Programme on Aquatic Animal Disease Surveillance

# જળચર પ્રાણીઓના રોગોની દેખરેખ માટેનો રાષ્ટ્રીય કાર્યક્રમ

ગુજરાત રાજ્ય દેશનો સૌથી લાંબો ૧૬૦૦ કિમી જેટલો દરિયા કિનરો ધરાવતું રાજય છે. રાજ્ય માં ઉપલબ્ધ ખારજમીન પૈકી આશરે ૮૯,૦૦૦ હેકટર જમીન ભાંભરા પાણીમાં મત્સ્ય/ ઝીંગા ઉછેર માટે સુયોગ્ય જણાય છે. જેમાં હાલમાં લગભગ ૫,૦૦૦ હેક્ટર જેટલા વિસ્તારમાં ઝીંગા ઉછેર પ્રવૃતિ કરવા માં આવી રહી છે. ખાસ કરીને ભરુચ, સુરત, નવસારી, ગીર સોમનાથ, ભાવનગર તથા વલસાડ જિલ્લામાં દરિયાઇ ઝીંગા ઉછેર ફાર્મસ મોટી સંખ્યામાં વિકાસ પામ્યા છે અને અનેક લોકો આ પ્રવૃતિ દ્વારા રોજગારી મેળવી રહેલ છે. પરંતુ ઝીંગા ઉછેરમાં થતા વિવિધ પ્રકારના વાઈરલ, બેક્ટેરીયલ ઈ. રોગોને લીધે ઉછેરકોને ખુબ મોટું આર્થિક નુકશાન સહન કરવું પડે છે જે એક રાષ્ટ્રીય સ્તરે ઉદ્ભવતી સમસ્યા છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રોગની દેખરેખ એ અસરકારક આરોગ્ય વ્યવસ્થાપન અને આખરે ટકાઉ જળચરઉછેર માટે પ્રાથમિક જરૂરિયાત બની ગઈ છે.

ઉપરોક્ત સમસ્યાના નિરાકરણ માટે ભારત સરકારની રાષ્ટ્રીય મત્સ્ય આનુવાંશિકી સંશોધન સંસ્થા (એન.બી.એફ.જી.આર.), લખનઉ દ્વારા રાષ્ટ્રીય સ્તરે એક કાર્યક્રમ "નેશનલ સર્વેલન્સ પ્રોગ્રામ ઓન એકવેટીક એનીમલ ડીસીઝ" તૈયાર કરવામાં આવેલ છે. આ પ્રોજેકટ માટે જુનાગઢ કૃષિ યુનીવર્સીટી હેઠળ વેરાવળ ખાતે કાર્યરત કોલેજ ઓફ ફિશરીઝને ગુજરાત રાજ્ય માં ઝીંગા ઉછેરમાં આવતા રોગો ની દેખરેખ તથા નિયંત્રણ માટે પસંદ કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમનો મૂળ હેતુ મત્સ્ય ઉછેર દરમ્યાન થતા વિવિધ રોગોની ઓળખ, દેખરેખ તેમજ નવા રોગો વિષેની જાણકારી મેળવવી તથા તેમનો અટકાવ કરવાનો છે. આ પ્રોગ્રામ જળચર પ્રાણીઓમાં વેપાર સાથે સંકળાયેલ રોગાણુના સ્થાનાંતરણના જોખમોના મૂલ્યાંકન અને સંચાલન માટે વૈજ્ઞાનિક રીતે સચોટ માહિતી પ્રદાન કરવામાં અને ઉત્પાદન કાર્યક્ષમતામાં સુધારો કરવામાં સહાય કરે છે.

**સક્રિય દેખરેખ (Active surveillance) અને નિષ્ક્રિય દેખરેખ (Passive Surveillance):**

નિષ્ક્રિય દેખરેખ એ રોગ માટે સંવેદનશીલ વસ્તીના રોગનું નિરીક્ષણ છે, જેમાં રોગોના લક્ષણો અથવા વધુ મૃત્યુદર ધરાવતા જળચર સજીવોના નમૂના લઈ તેનું નિદાન કરવામાં આવે છે. જ્યારે સક્રિય દેખરેખ દરમ્યાન ચોક્કસ સમયાંતરે જળચર સજીવોના નમૂના લઈ તેનું નિદાન કરવામાં આવે છે, જેથી કોઈ ચોક્કસ વિસ્તારમાં કોઈ રોગ છે કે નહીં તેની માહિતી મળી શકે.

**રોગોની દેખરેખના મુખ્ય ઉદ્દેશો (Objectives of Surveillance)**

1. પસંદ કરેલ જીલ્લાઓના રોગો અંગેની માહિતી એકત્રિત કરવી.
2. નવા રોગોની ઓળખ જલ્દી અને યોગ્ય સમયે કરી તેની જાણકારી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આપવી.
3. નિર્ધારિત ભૌગોલિક વિસ્તાર કોઈ રોગથી મુક્ત છે તે નક્કી કરવું.
4. રોગચાળાના ફેલાવા દરમ્યાન રાજ્ય અને રાસ્ટ્રીય સ્તરે રોગોના નિયંત્રણ માટે સજ્જતા કેળવવી.
5. મત્સ્ય ખેડૂતોને રોગો વિષે માહિતી આપવી અને તેના ઉપચાર અને ફેલાવા અંગે જાગરુકતા ફેલાવવા માટે ટ્રેનીંગ પ્રોગ્રામ યોજવા.






16/10/2014 01:00


20/03/2015



